
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in










**પાલિકાના 'નિર્મળ નદી'ના દાવાઓ વચ્ચે રિયાલિટી ચેકમાં ખુલ્લી પડી પોલ; 10 થી વધુ પોઈન્ટ્સ પરથી આજે પણ ઠલવાતું ગટરનું ઝેર**

# કરોડોના બજેટ ગટરમાં વહ્યા, નદીના નસીબમાં તો માત્ર ગંદકી જ!

વિશ્વામિત્રીને શુદ્ધ કરવાના તંત્રના મોટા-મોટા દાવાઓ પ્રદૂષિત પાણીમાં વહ્યા

કરોડોના પ્રોજેક્ટ્સ માત્ર કાગળ પર; નદીનું પાણી ઝેરી બનતા પર્યાવરણપ્રેમીઓમાં તંત્ર સામે રોષ વ્યાપ્યો

( પ્રતિનિધિ )વડોદરા,તા.28

વડોદરાની ઓળખ સમાન અને શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી આજે પોતાના અસ્તિત્વ માટે જંગ લડી રહી છે. નદીના શુદ્ધિકરણ અને સંવર્ધન પાછળ છેલ્લા કેટલાક વર્ષોમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં, વાસ્તવિકતા એ છે કે શહેરની ગંદકી આજે પણ આ પવિત્ર નદીમાં ઠાલવવામાં આવી રહી છે. પાલિકા તંત્રના 'નિર્મળ વિશ્વામિત્રી'ના દાવાઓ વચ્ચે રિયાલિટી ચેકમાં સામે આવ્યું છે કે નદીના શુદ્ધિકરણ માટેની યોજનાઓ માત્ર ફાઈલોમાં જ સીમિત રહી ગઈ છે. વિશ્વામિત્રી નદીને પ્રદૂષણમુક્ત કરવા માટે એક્શન પ્લાન, ડ્રોન સર્વે અને આઉટફ્લો બંધ કરવા જેવી મોટી મોટી વાતો વારંવાર કરવામાં આવે છે. પરંતુ હકીકત એ છે કે શહેરના દેણા જંક્શનથી લઈને કલાલી સુધીના સમગ્ર પટ્ટામાં ઠેર-ઠેર ગટરના પાણીના ધોધ નદીમાં વહી રહ્યા છે. સવાલ એ ઊભો થાય છે કે જો કરોડો રૂપિયા ટેકનોલોજી અને પ્લાન્ટ્સ પાછળ ખર્ચાયા છે, તો પછી આજે પણ નદીનું પાણી કાળું અને દુર્ગંધયુક્ત કેમ છે? પાલિકાના અધિકારીઓ અને સત્તાધીશો જાણે આ ગંભીર સમસ્યા પ્રત્યે મૌન ધારણ કરીને બેઠા હોય તેવું જણાય છે. અનેક નોટિસો અને બેઠકોના દોર છતાં જમીન સ્તર પર કોઈ નક્કર કામગીરી દેખાતી નથી. સ્થાનિક રહીશોનું કહેવું છે કે દુર્ગંધ અને મચ્છરોના ત્રાસને કારણે જીવવું મુશ્કેલ બન્યું છે, અને ભૂગર્ભ જળ પણ દૂષિત થવાનો ભય સેવાઈ રહ્યો છે. નદીમાં માત્ર ગટરનું પાણી જ નહીં, પણ પ્લાસ્ટિક અને કચરાના ઢગલા પણ તંત્રની નિષ્ફળતાની ચાડી ખાઈ રહ્યા છે. તંત્ર દ્વારા વારંવાર પ્રોજેક્ટ્સ જાહેર કરવામાં આવે છે, પરંતુ અમલીકરણના નામે મીંડું જોવા મળે છે. જો આ જ ગતિએ નદીમાં ગંદકી ઠલવાતી રહેશે, તો આગામી સમયમાં વિશ્વામિત્રી નદી મટીને માત્ર એક મોટું ગટરનું નાળું બની જશે.

### તંત્રના 'આંખ આડા કાન': આઉટફ્લો બંધ કરવામાં નિષ્ફળતા

- સમા અને હરણી વિસ્તાર: અહીં રહેણાંક સોસાયટીઓનું ગંદું પાણી સીધું જ વરસાદી ગટર મારફતે નદીમાં છોડાય છે.
- મુખ્ય રિવર બ્રિજ: અકોટા-દાંડિયા બજાર, નરહરી અને મંગલ પાંડે બ્રિજ જેવા વિસ્તારોમાં આઉટફ્લો બંધ હોવાના સરકારી દાવાઓ વચ્ચે હજુ પણ ગટરના પાણીનો નિકાલ નદીમાં થઈ રહ્યો છે.
- એસ.ટી.પી. પ્લાન્ટની કામગીરી: શુદ્ધિકરણ માટે બનાવેલા પ્લાન્ટ્સમાંથી છોડાતું પાણી પણ શુદ્ધ હોવાને બદલે દુર્ગંધયુક્ત હોવાની સ્થાનિકોની વ્યાપક ફરિયાદો છે.

તંત્ર સામે વેધક સવાલો:

- શુદ્ધિકરણના નામે ખર્ચાયેલા કરોડો રૂપિયા ક્યાં ગયા?
- આઉટફ્લો બંધ કરવાના દાવાઓ ખોટા સાબિત થાય છે, તેના માટે જવાબદાર કોણ?
- શું સત્તાધીશોને વડોદરાની આ ઐતિહાસિક ધરોહરને બચાવવામાં ખરેખર કોઈ રસ છે?

**તંત્ર ઘોર નિદ્રામાં: મેદાનને પાર્કિંગ પ્લોટ બનાવી દેતા કોન્ટ્રાક્ટરો સામે ક્યારે થશે કાર્યવાહી ?**

# પોલો ગ્રાઉન્ડમાં બાળકોની 'ક્રિકેટ' પર કોન્ટ્રાક્ટરના 'પેવર બ્લોક' ફરી વળ્યા!

પેવર બ્લોક અને કપચીના કારણે બાળકો ઈજાગ્રસ્ત થવાનો ભય, ખેલાડીઓમાં ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા શહેરનું મધ્યમાં આવેલું અને રમતગમત માટે જાણીતું ઐતિહાસિક પોલો ગ્રાઉન્ડ હાલમાં વિવાદનું કેન્દ્ર બન્યું છે. મેદાનમાં વિકાસકાર્યોના નામે કોન્ટ્રાક્ટરો દ્વારા કન્સ્ટ્રક્શન મટીરિયલનો ખડકલો કરી દેવામાં આવતા સ્થાનિક રમતવીરો, યુવાનો અને બાળકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમવાની જગ્યાએ પેવર બ્લોક, રેતી અને કપચી નાખી દેવામાં આવતા ખેલાડીઓને ઈજા થવાનો ભય સતાવી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પોલો ગ્રાઉન્ડના જે ભાગમાં બાળકો અને યુવાનો મોટી સંખ્યામાં ક્રિકેટ રમે છે, ત્યાં કોન્ટ્રાક્ટર દ્વારા મોટા પ્રમાણમાં પેવર બ્લોક અને બાંધકામની અન્ય સામગ્રી ઉતારવામાં આવી છે. આ સામગ્રીના કારણે મેદાનમાં રમવા માટે જગ્યા રહી નથી. સામાજિક કાર્યકર તેમજ ખેલાડીઓ દ્વારા જણાવ્યા અનુસાર, છેલ્લા ચાર મહિનાથી આ મુદ્દે મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટર અને વોર્ડ ઓફિસમાં લેખિત રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. રજૂઆતકર્તાઓએ આક્ષેપ કર્યો છે કે, પોલો ગ્રાઉન્ડ હવે રમતનું મેદાન મટીને ગોડાઉન અને પાર્કિંગ પ્લોટ જેવું બની ગયું છે.

અહીં માત્ર બાંધકામની સામગ્રી જ નહીં, પરંતુ ટ્રાવેલ્સની બસો અને ફૂટની ગાડીઓ પણ ગેરકાયદેસર રીતે પાર્ક કરવામાં આવે છે. મેદાનમાં ફેલાયેલી કપચી અને રેતીના કારણે બાળકો દોડતી વખતે લપસી પડે છે અને ઈજાગ્રસ્ત થાય છે. સામાજિક કાર્યકર અને રમતવીરો દ્વારા રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, "જો કોઈ બાળકને ગંભીર ઈજા થશે અથવા કોઈ મોટી દુર્ઘટના ઘટશે, તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિસ્તારના અધિકારીઓની રહેશે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો આગામી દિવસોમાં આ મટીરિયલ તાત્કાલિક ધોરણે હટાવવામાં નહીં આવે, તો સ્થાનિક રહીશો અને રમતવીરો સાથે મળીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હાલ તો પોલો ગ્રાઉન્ડમાં ખડકાયેલા પથ્થરો અને રેતીના ઢગલા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા કરી રહ્યા છે.

## સયાજીગંજમાં પાર્ક કરેલા વાહન ડીટેન કરતા ટ્રાફિક પોલીસ સાથે યુવકની ખટપટ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં રોડ પર વાહનો પાર્ક કરતા વાહનચાલકો વિરુદ્ધ ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી રહેતી હોય છે.ત્યારે ડેરીડેન સર્કલ પાસે આવેલી ચાની દુકાન પર યુવક અને તેના ભાઇ સહિતના લોકો ઉભા રહ્યાં હતા અને તેમનો ટુ વ્હીલર ત્યાં રોડની સાઇડમાં પાર્ક કર્યું હતું. જેથી એકાએક ટ્રાફિક પોલીસની ટોઇંગ વાન આવી પહોંચી હતી અને યુવકની ટુ વ્હીલર પર ડીટેન કરી વાન પર ચડાવતી હતી યુવકે ઉભા રહો તેમ કહેવા છતાં ટુ વ્હીલરની ખેંચાખેંચ કરી રહ્યાં હતા. જેથી યુવકની એક્ટિવાને પણ નુક્સાન પહોંચ્યુ હતી. જેથી યુવકે ડેરીડેન સર્કલ પાસે અન્ય વાહનો પણ રોડ પાર્ક કરેલા છે તો શુ તેમની પાસેથી હપ્તા ઉઘરાવતા હોવાના કારણે તેમના વાહનો સામે કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી તેવા આક્ષેપ કરવામાં આવ્યા નથી. જેથી યુવકે ટ્રાફિક પોલીસ સામે ભારે રોષની લાગણી વ્યક્તિ કરી હતી.

**શહેરના રાજમાર્ગો ઉપર રખડતા ઢોરો બેકાબુ : નાગરિકોના જીવ જોખમમાં**

# ખોડિયાર નગરમાં વિફરેલી ગાયે બે વ્યક્તિઓ પર હિંસક હુમલો કરતાં એકની હાલત નાજુક



(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત રહ્યો છે. શહેરના ખોડિયાર નગર વિસ્તારમાં આવેલા પંચમ એલાઈટ પાસે એક બેકાબુ બનેલી ગાયે અચાનક હિંસક હુમલો કરતા બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાને પગલે વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ મહામુસીબતે ગાયના સિકંજામાંથી બંને વ્યક્તિઓને બચાવી સારવાર અર્થે ખસેડ્યા હતા, જેમાંથી એક વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.આ ઘટનાથી ફરી એકવાર વડોદરા મહાનગરપાલિકાની ઢોર ડબ્બા પાર્ટીની કામગીરી સામે પ્રશ્નો ઉઠ્યા છે. શહેરમાં રખડતા ઢોરોને પકડવાના દાવાઓ વચ્ચે ઢોર માલિકો અને ડબ્બા પાર્ટીના કેટલાક કર્મચારીઓ વચ્ચેની સાંઠગાંઠને કારણે રખડતા ઢોરો ફરી રસ્તા પર જોવા મળતા હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે.

સ્થાનિકોનું કહેવું છે કે ઘણી વખત ઢોર માલિકો બપોરના સમયે પોતાના ઢોરોને રસ્તા પર છોડી દે છે, જેના કારણે ઢોરો રસ્તા પર અડીંગો જમાવી લે છે. પરિણામે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. અનેક વખત ઢોરોની અંદરોઅંદરની લડાઈ કે અચાનક હુમલાના કારણે અકસ્માતો સર્જાતા હોવાની ઘટનાઓ પણ સામે આવી છે.ખોડિયાર નગર વિસ્તારમાં બનેલી આ ઘટનામાં જે રીતે ગાયે બે વ્યક્તિઓ પર શિંગડે ભેરવી હુમલો કર્યો, તે જોઈ સ્થાનિકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

**આગની ઘટનાને પગલે સંજાલી વિસ્તારમાં અફરાતફરી**

# પાનોલી જીઆઈડીસીની સલ્ફર મીલ લિમિટેડ કંપનીમાં આગ

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.28

પાનોલી જીઆઈડીસીમાં આવેલી સલ્ફર મીલ લિમિટેડ નામની કંપનીમાં રવિવારે અચાનક આગ લાગવાની ઘટના સર્જાઈ હતી.આગ લાગતા જ કંપનીમાંથી ભારે પ્રમાણમાં કાળો ધુમાડો ઉઠતો જોવા મળ્યો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કંપનીના પ્લાન્ટના ત્રીજા અને ચોથા માળ પર આગ લાગી હોવાનુ જાણવા મળ્યુ હતુ. મળતી માહિતી પ્રમાણે સવારે જયારે સલ્ફર બેઈઝ ફર્ટીલાઈઝરનુ ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન સ્પ્રે ડ્રાયરમાં અગમ્ય કારણોસર આગ દેખા દીધી હતી.કંપની સતાધિશોએ આ અંગે પાનોલી ફાયર બ્રિગેડને જાણ કરતા બે ફાયર ટેન્ડરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગને કાબુમાં લેવાના પ્રયત્નો આદર્યા હતા. આ આગની ઘટનામાં પ્લાન્ટમાંથી ગેસ લીક થવાની પણ ઘટના સામે આવી હતી, જેના કારણે આસપાસના કેટલાક લોકોને ગેસની અસર થતા તકલીફ અનુભવાઈ હોવાના અહેવાલ મળ્યા હતા.

જોકે કંપની સતાધિશોએ એવી કેફીયત આપી હતી કે આગને કારણે જે ધુમાડો વાતાવરણમાં પ્રસર્યો હશે તેની અસર વર્તાય હોય શકે. સાવચેતીના ભાગરૂપે આસપાસના વિસ્તારને સતર્ક કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગ દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો,

**ભરૂચમાં વિધવા બહેનોનુ ચોથુ મહાઅધિવેશન સંમેલન મળ્યું**

# સરકારને પેન્શન રૂ.3000 કરવા અને આવક મર્યાદા વધારવા માંગ

ભરૂચ - નર્મદા હીત રક્ષક સમિતિ દ્વારા વિધવા બહેનોના પ્રશ્નોને વાચા આપવા હોસ્ટેલ ગ્રાઉન્ડ પર યોજાયેલ કાર્યક્રમ



(પ્રતિનિધિ) ભરૂચ, તા.28

ભરૂચ નર્મદા જિલ્લા હિતરક્ષક સમિતિ દ્વારા ગંગા સ્વરૂપા વિધવા બહેનોનું ચોથું અધિવેશન રવિવારે આયોજિત થયું હતું. વીર નર્મદ યુનિવર્સીટીના પૂર્વ વાઈસ ચાન્સલેસર ડો. અશ્વિન કાપડિયા દ્વારા દીપ પ્રગટાવી સંમેલનની શરૂઆત કરાઈ હતી. આ સંગઠનના કન્વીનર અને પૂર્વમંત્રી ખુમાનસિંહ વાંસિયા દ્વારા વિધવા બહેનોને પેંશન આપવા બદલ આભાર ઠરાવ. તેમજ આ પેંશન રૂ.3000/- કરવા અને આવક મર્યાદામાં વધારો કરવા માંગણી ઠરાવ કરાયો હતો. ભરૂચ અને નર્મદા જિલ્લામાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વિધવા બહેનોએ પોતાની સમસ્યા રજૂ કરી હતી. હિત રક્ષક સમિતિ દ્વારા તેનો ઉકેલ લાવવા ખાતરી અપાઈ હતી. સાથે જ આગામી વર્ષે 27 ડિસેમ્બર-2026માં પાંચમું વિધવા બહેનોનું મહાસંમેલન યોજવાની પણ જાહેરાત કરાઈ હતી. ખુમાનસિંહ વાંસિયાએ જણાવ્યું હતું કે વર્ષ-2018માં અમે વિધવાઓનો સર્વે કરાવ્યો.જેમાં ભરૂચ જીલ્લામાં 1 લાખથી વધુ વિધવાઓનો આંકડો મળ્યો હતો. તેઓના વિધવાઓના પ્રશ્નો લઈને એ વખતે તાલુકા અને અન્ય મોટા શહેરોમાં 18 સંમેલનો કરીને વેદનાઓ અમે સાંભળી હતી.જે માટે તા-30મી ડીસેમ્બર-2018માં ભરૂચ ખાતે વિશાળ સંખ્યામાં વિધવાઓનું સંમેલન થયું હતું.

જેમાં અખબારો અને મેગેઝીનોમાં વિધવાઓના સંવેદનશીલ મુદ્દો પ્રકાશિત થયો.અને હકારાત્મક અભિગમથી વિધવાઓનો મુદ્દો હાથમાં લેતા એ વખતે પેન્શન વધારીને રૂ.1250/- કર્યું સાથે વિધવા પેન્શન આજીવન મળતું રહે એવો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. અને વિધવાઓના 90 ટકા પ્રશ્નો પણ હલ થઈ ગયા.

# જાન્યુઆરીથી ઠંડીના નવા રાઉન્ડની શરૂઆત, તાપમાન 14.4 ડીગ્રી નોંધાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા સહિત રાજ્યમાં આગામી 2 જાન્યુઆરીથી કડકડતી ઠંડીના નવા રાઉન્ડની શરૂઆત થશે. ત્યારે, રવિવારે શહેરનું લઘુત્તમ તાપમાન 14.4 ડીગ્રી નોંધાયું હતું. ઠંડા પવનો ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધવાની શક્યતાઓ રહેલી છે. વડોદરા શહેરમાં ડિસેમ્બર મહિનામાં ઠંડીની તીવ્રતા ઓછી નોંધાય છે. જોકે આગામી જાન્યુઆરી મહિનો શરૂ થતા જ ઠંડી એકાએક વધી જશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બીજી જાન્યુઆરીથી ઠંડીનો પારો ત્રણ ડિગ્રી જેટલો ગગડીને 10 થી 11 ડિગ્રી સુધી પહોંચી જવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. એક પછી એક પ્રબળ વેસ્ટન ડિસ્ટર્બન્સ આવી રહ્યા છે. જેને કારણે ઠંડા પવનો ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધવાની શક્યતાઓ છે. વડોદરા શહેરમાં રવિવારે મહત્તમ તાપમાન 31.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 14.2 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 87% અને સાંજે 48% નોંધાયુ હતું. વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં આગામી જાન્યુઆરી મહિનાથી કડકડતી ઠંડી પડશે. સમગ્ર જાન્યુઆરી મહિનો ઠંડો રહેશે. જ્યારે દિવસે થોડી ગરમી રહેશે. પરંતુ, રાત પડતાની સાથે જ ઠંડીની તીવ્રતા વધી જશે. આગામી દિવસોમાં વહેલી સવારે હવે હળવા ધુમ્મસની અસર જોવા મળી શકે છે. જેના કારણે વિઝિબિલિટીમાં ઘટાડો થઈ શકે છે.

**ડોક્ટર દ્વારા પારધણ માતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાઇ**

# એસએસજી હોસ્પિટલમાંથી 1 માસની જીવતી બાળકી મળી આવી, માતાએ બાળકીને ત્યજી દેતા ચો તરફથી ફિટકાર

રાવપુરા પોલીસે માતા સામે શોધખોળ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા શહેરની સયાજી હોસ્પિટલમાં માતા નવજાત બાળકીને ત્યજીને ફરાર થઈ ગઈ હતી હતી. જે બાળકીને મળી આવતા સમગ્ર હોસ્પિટલ સંકુલમાં માતાની શોધખોળ કરાઈ હતી. આખરે કોઈ પતો નહી લાગતા માતા વિરુદ્ધ ડોક્ટર ફરિયાદ નોંધાવી છે. જેથી રાવપુરા પોલીસે માતા સામે શોધખોળ શરૂ કરી છે. વડોદરા સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો.રવિશ બિમલભાઈ ગાંધી ફરીયાદ નોંધાવી હતી કે, હુ એસએસજી હોસ્પિટલ ખાતે બાળરોગ નિષ્ણાંત એમડીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરૂ છુ અને હોસ્પિટલ ખાતે ઈએમએન આઈસીયુ.વિભાગમાં ફરજ બજાવું છું. 27 ડિસેમ્બરના રોજ 8થી થી 24 વાગ્યા સુધી હોસ્પિટલમાં ફરજ પરત હતી. તે દરમ્યાન સવારના કલાક સાડા વાગ્યાના અરસામાં એક તાજુ જન્મેલી બાળકીને કોઈ વ્યક્તિ કોઈ કારણોસર એસએસજી હોસ્પિટલના ઈએમએન આઈસીયુ વિભાગના બેડ ઉપર મુકી ત્યજી દઈ ફરાર થઇ ગઇ હતી. સ્ટાફના માણસોએ આ બાળકીને જોતા તેને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી અને 900 ગ્રામ વજન ધરાવતી આ બાળકીનું ખુબ જ ઓછુ વજન હોવાના કારણે તેના પગમાં દવાખાનાની પટ્ટી બાંધેલી હોય જેમાં પુર્ણાબેન અશોક ખંભાવત નામ લખેલ હતુ. જેથી તેની તાત્કાલીક સારવાર ચાલુ કરી હતી અમે અમારા એસએસજી હોસ્પિટલના સીએમઓ. ડો.રવી મકવાણાને જાણ કરી હતી અને તેઓએ હોસ્પિટલના કેજ્યુલીટી દવાખાના ડયુટી વૃ.પી.સી. રમીલાબેન અમરસિંગભાઈને કરી હતી. નવજાત બાળકીને 1 દિવસની હતી અને ઈ.એમ.એ ન.આઇ.સી.આઈમાં દર્દીના સગા વહાલા મુકીને ભાગી ગયા હતા. જેથી ડોક્ટરની ફરિયાદના આધારે પોલીસ દ્વારા એસ.એસ.જી. હોસ્પિટલના ઇ.એમ.એ ન.આઇ.સી.યુ. વિભાગના બેડ ઉપર કોઈ અજાણી વ્યક્તિએ કોઈ કારણસર એક તાજી જન્મેલા જીવીત ત્યજી દેનાર માતા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઇ છે.

### પોલીસની એક ટીમ વડોદરાની બહારના ગ્રામ્ય વિસ્તારમાં રવાના કરાઇ

એસએસજી હોસ્પિટલમાંથી ત્યજી દેવાયેલી બાળકીને કોણ મુકી ગયું હશે તેની તપાસ કરવા માટે રાવપુરા પોલીસ દ્વારા એસએસજી હોસ્પિટલમાં વોર્ડ તથા બહારની સાઇડમાં લગાવેલા સીસીટીવી કેમેરાની ફુટેજના આધારે તપાસ શરૂ કરાઇછે. જેમાં આ બાળકની માતા તથા તેના પિતા સહિતના લોકોની શોધખોળ પણ કરવામાં આવી છે. જેની તપાસ માટે એક ટીમ વડોદરા શહેરના બહાર આવેલા ગામડામાં રવાન કરાઇ છે.

### માતા સામે લોકોમાં ભારે ફિટકારની લાગણી ફેલાઇ

વડોદરા શહેરમાં વારંવાર આ રીતે નવજાત બાળક કે બાળકીને રઝળતી મુકી દેવામાં આવતી હોય છે. ક્યારે બાળક જીવત તો કેટલાક કિસ્સામાં બાળકનવજાત શિશુ જીવીત મળી આવતા હોય છે. જેને લઇને લોકોમાં પણ આવી બાળકને જન્મ આપનાર માતા સામે ભારે ફિટકારની લાગણી વરસાવી રહ્યા છે.

**લગ્ન કરવાની લાલચ આપીને વિધવા મહિલા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યુ**

# પીઆરઓ મહિલા પર દુષ્કર્મ ગુજારનાર રાજસ્થાનના આરોપીના 2 દિવસના રિમાન્ડ

**ધંધો** કરવા માટે પ્રેમીએ મહિલા પાસેથી ઉછીના લીધેલા રૂ.3.48 પરત પણ આપ્યા નહી



(પ્રતિનિધિ) વડોદરા, તા.28

લગ્ન કરવાની લાલચ આપીને પ્રેમિકા પર વારંવાર દુષ્કર્મ ગુજારનાર પ્રેમીએ ધંધો શરૂ કરવા માટે રૂપિયા 3.48 લાખ મહિલા પાસેથી લીધા હતા. પરંતુ પ્રેમીએ ધંધો બંધ કરીને પરત રાજસ્થાન ભાગી ગયો હતો.

બાપોદ પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી 5 દિવસના રિમાન્ડ માંગતા મેજિસ્ટ્રેટે બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. મૂળ રાજસ્થાનના ખોડિયાર નગર વિસ્તારમાં આવેલા મહાશક્તિ વુડાનમાં રહેતા હિતેષ વાલચંદ લબાના સાથે કેટરર્સમાં પીઆરઓ તરીકે કામ કામ કરતી બાળકીની વિધવા માતાનો પરીચય થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા થયા બાદ હિતેષ લબાનાએ મહિલાને લઈને લગ્ન કરવાની લાલચ આપી પ્રેમ સંબંધ બાંધ્યાં હતા મહિલાને પણ તેના પર વિશ્વાસ આવી ગયો હોય ધંધો કરવા માટે ઓનલાઈન તથા રોકડા મળીને રૂ. રૂપિયા 3.48 લાખ પ્રેમીને આપ્યાં હતા. પ્રેમ સંબંધ દરમિયાન પ્રેમીએ મહિલા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું.

ત્યારબાદ મહિલાના રૂપિયાથઈ નાસ્તાનો ધંધો પણ શરૂ કર્યો હતો. પરંતુ આ ધંધો થોડા દિવસ સુધી કર્યાં બાદ બંધ કરીને પરત રાજસ્થાન ભાગી ગયો હતો. જેથી મહિલાએ રાજસ્થાન જઈને તેના પરિવારને મળી હતી ત્યારે હિતેશ લબાનાએ પરત આવવા માટે વાયદો કર્યો હતો પરંતુ હિતેશ લબાના પરત આવ્યો ન હતો કે રૂ. 3.48 લાખ પર પરત કર્યાં ન હતા. જેથી મહિલાએ હિતેશ લબાના સામે દુષ્કર્મ તથા ઠગાઈની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી. 28 ડિસેમ્બરના રોજ આરોપીને કોર્ટમાં રજૂ કરીને પાંચ દિવસના રિમાન્ડ માંગણી કરાઈ હતી. ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીના 2 દિવના 30 ડિસેમ્બર સુધી રિમાન્ડ મંજૂર કર્યા છે.